પતંગ મ્યૂઝિયમ
સંસ્કાર કેન્દ્રના ભોંયતળિયે, કોચરબ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન : ૨૬૫૭૮૩૬૯
સમય : સવારના ૧૦-૦૦ થી ૬-૦૦ અને
સોમવાર તથા જાહેર તહેવારોએ બંધ.

AHMEDABAD MUNICIPAL CORPORATION

# KITE MUSEUM



અમદાવાદના આકાશને દુનિયાના પતંગ પ્રેમીઓની રાજધાની કહી છે. દુનિયાભરમાં આજ એક એવું શહેર છે કે જયાં એકીસાથે, એક જ દિવસે, ૧૪ મી જાન્યુઆરીએ ૩૦ લાખની વસ્તીવાળું આખું અમદાવાદ પતંગ ઉત્સવમાં ભાગ લે છે ઉત્તરાયણના પર્વમાં તમામ ધર્મના અને કોમોના ભૂલકાંથી માંડીને વૃદ્ધો અને મહિલાઓ આનંદમાં હિસ્સેદાર બનીને આ પર્વને બિનસાંપ્રદાયિક ઉત્સવનું બિરુદ બક્ષે છે.

ભારતમાં પતંગ ક્યારે આવી તે અસ્પષ્ટ છે. છતાં ચીનમાંથી જાપાનમાં અને ત્યાંથી અહી આવી હશે તેમ માનવાને કારણો છે. મોગલ બાદશાહોએ અને રજવાડાઓએ પતંગના શોખને પોષ્યો. તેમના આ શોખને લઈને પતંગમાં કલાત્મક ભાવ રેડાયો.

ઈ.સ.ની ૧૩મી સદીથી ૧૯મી સદીના ભારતના સંતો અને કવિઓએ તેમના પદોમાં પતંગના ઉલ્લેખો કર્યા છે. ૧૮ મી અને ૧૯મી સદીમાં થયેલા લઘુચિત્રોમાં પતંગ ઉડ્ડયનનાં દશ્યો જોવા મળે છે. આ પદો અને ચિત્રો દ્વારા આપણને પતંગનો આકાર, ઉડાવવાની રીત અને પતંગોમાં રહેલા કલાત્મક પાસાંની ઝાંખી થાય છે.

પતંગ કારીગરોનો વ્યવસાય એ પેઢી દર પેઢી, વારસામાં ઉતરી આવતો એક ખાનદાની વ્યવસાય છે. પતંગોત્સવના દોઢ બે મહિના અગાઉ જયપુર, જોધપુર, બિકાનેર, આગ્રા મથુરા, રામપુર, બરેલી, લખનૌ વગેરે સ્થળોએથી કારીગરો અમદાવાદમાં આવી પતંગો બનાવે છે અને વેચે છે. પોતાની દુકાનની અંદર અને બહાર પોતાની કારીગરી પ્રદર્શિત કરવા સુંદર કલાત્મક પતંગોથી દુકાનની સજાવટ કરે છે. નયનરમ્ય આકારો કાપી-ચોંટાડીને તૈયાર થતી આ કલાત્મક પતંગો એ ભારતીય પતંગોનું એક વિશિષ્ટ પાસું છે.

ભારતના ભવ્ય કલાત્મક સાંસ્કૃતિક વારસામાં પતંગને પણ સ્થાન છે ભારતના કુશળ કારીગરોએ, નિર્જીવ કાગળના

ટુકડાઓને કાપી તેને એકબીજા સાથે જોડી, વિવિધ આકારો
સર્જી, રંગબેરંગી કલાત્મક પતંગો બનાવ્યા છે આ
પતંગોમાં ભૌમિતિક આકારો, પુરુષ અને સ્ત્રી, પશુપક્ષીઓ,
ઝાડપાન, ફળફૂલ, ઇમારત વગેરે વિષયની વૈવિધ્યપૂર્ણ
રચનાઓ કરી છે અને તેમાં હૈયાસૂઝ પ્રમાણે ઉજળા
રંગોની રંગપૂર્ણી કરી છે. વળી તેમાં આકારોની સફાઇદાર
કટાઇ, જોડવાની કુશળતા પ્રતિબિંબિત થાય છે.

પંતગોની બનાવટ, કલાકારીગરી અને તેના સૌંદર્યથી
અભિભૂત ચિત્રકાર ભાનુ શાહે વર્ષો સુધી આવા પતંગો
એકઠા કર્યા અને તેમાંથી દુનિયાનો એક વિશિષ્ટ સંગ્રહ
પરિણમ્યો. કાઇટ મ્યુઝિયમ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી
તેમનો આ કલાત્મક સંગ્રહ અમદાવાદ મ્યુનિસિપલ
કૉર્પોરેશનને ભેટ મળ્યો. મ્યુનિસિપલ કમિશનર શ્રી આર
બસુએ એમાં પ્રાણ પૂર્યા. પરિણામે દુનિયાનુ વિશિષ્ટ
સંગ્રહાલય આકાર પામ્યું જે જગવિખ્યાત સ્થપતિ
લાકોરબુઝીએ રચિત સંસ્કાર કેન્દ્રની ઇમારતના ભોયતળિયે
ઊભું કરવામાં આવ્યું છે.

# પતંગ મ્યૂઝિયમ

આ મ્યુઝિયમમાં પ્રવેશતાં ૧૫' X ૯'નો મહાકાય ફોટો આ નગરના પતંગોત્સવનું તાદશ્ય વાતાવરણ ઉભું કરે છે.

આ મ્યૂઝિયમમાં કલાત્મક પતંગોને ૧૮ વિભાગમાં વિષય વસ્તુ પ્રમાણે વહેંચી દેવામાં આવ્યા છે અને આકાશમાં નિહાળતા હોઈએ તેમ દિલચશ્પ રીતે કાચના કેઈસમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ઉપરાંત મુલાકાતીને વધુ નમૂના જોવા મળે તે ઉદ્દેશથી બીજા ૨૧૬ પતંગોને મોટી સાઈઝની રંગીન સ્લાઈડો દ્વારા રજુ કરાયા છે તથા ઈ.સ. પૂર્વે ૨૦૦ થી આજ સુધીનો પતંગનો આંતરરાષ્ટ્રિય સચિત્ર ઈતિહાસ રજૂ કરવામાં આવ્યો છે. પતંગોત્સવની જીવંત અનુભૂતિ કરાવતી તેમજ કલાત્મક પતંગોની બનાવટ દર્શાવતી આઠ મિનિટની વીડીઓ ફિલ્મ મુલાકાતીઓને વાસ્તવિક અનુભવ કરાવે છે અને એક વિશિષ્ટ આકર્ષણ ઉભું કરે છે. મુલાકાતીઓને આવી કલાત્મક પતંગ કેવી રીતે બને છે તેનું પ્રત્યક્ષ નિદર્શન કારીગર દ્વારા થાય છે. આ મ્યૂઝિયમ મુલાકાતીઓને અવિસ્મરણીય અને સૌંદર્યમય અનુભવ પુરો પાડશે.